ક્રમાંક:રાપબો/PSE-SSE /૨૦૨૧/૧૧૩૭ - ૧૨૧૮

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકરટર-૨૧, ગાંધીનગર
તા:03/0૨/૨૦૨૧

## પરિપત્ર :-

વિષય :- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૦ના આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ :- (1)અત્રેની કચેરીના તા.૦૭/૦૧/૨૦૨૧ ના જાહેરનામા:ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૦/૫૪-૧૩૬
(2) અત્રેની કચેરીના તા.૨૫/૦૧/૨૦૨૧ ના પરિપત્ર:ક્રમાંક:રાપબો/PSE-SSE/૨૦૨૧/૫૯૩-૬૭૩.

ઉપરોકત વિષયમાં જણાવવામાં આવે છે કે, સંદર્ભ(૧)ના જાહેરનામાથી ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે. જે અન્વયે સંદર્ભ-૨ પરિપત્રથી **www.seb.exam.org** વેબસાઇટ પર સદર પરીક્ષાના આવેદનપત્રો ભરવાનો સમયગાળો તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા. ૦૪/૦૨/૨૦૨૧ સુધી લંબાવેલ હતો. જેમાં નીચે મુજબની વિગતે આવેદનપત્રો ભરવાનો સમયગાળો ફરીથી લંબાવવામાં આવે છે.

હવે આવેદનપત્રો તા.૧૧/૦૨/૨૦૨૦ સુધી ભરી શકાશે અને અને ઓનલાઇન ફી તા.૧૩/૦૨/૨૦૨૧ સુધી ભરી શકાશે. **પોસ્ટ ઓફીસ ખાતે ફી તા.૦૫/૦૨/૨૦૨૧ સુધી જ ભરી શકાશે.** આ પરીક્ષા અંગેની અન્ય વિગતોનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે. જેની નોંધ તમામ સંબંધિતોએ જેની નોંધ લેવી.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | તા.૦૭/૦૧/૨૦૨૧ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા.૧૧/૦૨/૨૦૨૧ |
| 3 | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | તા.૦૫/૦૨/૨૦૨૧ |
| ૪ | પરીક્ષા માટે ઓનલાઈન ફી ભરવાનો સમયગાળો | તા. ૧૩/૦૨/૨૦૨૧ |
| ૫ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારાભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૯/૦૨/૨૦૨૧ |
| | (૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |

| | | |
|---|---|---|
| ૬ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૫/૦૨/૨૦૨૧ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | |
| ૭ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DPEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૦૪/૦૩/૨૦૨૧ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૮ | પરીક્ષા તારીખ | હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે. |

સ્થળ :- ગાંધીનગર
તારીખ:- ૦૩/૦૨/૨૦૨૧

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ <u>નકલ રવાના અમલાર્થે</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  (જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામપ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.)
- શાસનાધિકારીશ્રી, તમામ
  (આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ).
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  ( જિલ્લાના તમામ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.)
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

❖ <u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>

(૧) માન.સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર
(૩) નાયબ નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૪)નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર